## ડાયરેક્ટ ❤ સે

લાકડામાં
જેમ અગ્નિ છુપાયેલો છે
તેમ મનમાં
જ્ઞાન છુપાયેલું છે.
ઘર્ષણથી જેમ
અગ્નિ પ્રગટે છે
તેમ સૂચનાથી
જ્ઞાન પ્રગટે છે.

## જન્મદિને વધામણી


શાસ્ત્રી શ્રી હરિપ્રકાશદાસ
સ્વામિનારાયણ ગુરુકુલ, સે. ૨૩


દિપક નગીનદાસ શાહ
ખજાનચી, ગુજરાત રાજ્ય વન કર્મચારી મંડળ
મો.૯૮૯૮૧ ૬૧૬૩૯


ઉમેશચંદ્ર પી વ્યાસ
મો. ૯૪૨૬૪ ૧૫૮૭૯


બી એન બારોટ
મો. ૭૯૮૪૬ ૧૧૨૪૬


રેખા રાવલ
શહેર ભાજપ કારોબારી સદસ્ય
મો. ૯૯૦૧૨ ૫૯૫૩૮


હેત ચંદ્રેશ સોની


ક્રિષા પંકજકુમાર શ્રીમાળી

# સે.૭ની ચૌધરી ટેકનીકલ ઈન્સ્ટીટ્યુટ ખાતે સ્ત્રી સશક્તિકરણ અંગે કાનૂની શિબિર યોજાઈ



ગાંધીનગર, તા. ૧૧

સૅક્ટર-૭ખાતે કાર્યરત ચૌધરી ઍમસીએ કૉલેજ ખાતે સ્ત્રી સશક્તિકરણ અંગેની કાનૂની શિક્ષણ શિબિર સફળતાપૂર્વક યોજવામાં આવી હતી.

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા ૧લી ઑગષ્ટથી સ્ત્રી સશક્તિકરણ પખવાડિયાની ઉજવણીનો આરંભ કરવામાં આવ્યો છે. આ ઉજવણી અંતર્ગત કૉલેજ ખાતે કાનૂની શિક્ષણ શિબિર યોજવામાં આવી હતી.

આ પ્રસંગે પૅરાલિગલ ઍડવાઈઝર સુધીરભાઈ દેસાઈ, વિમળાબેન અયાચી, જ્ઞાનદેવીબેન ઉપાધ્યાય તથા નટવરલાલ પટેલ દ્વારા મહિલાઓને લગતા અધિકારો, વર્તમાન સમયમાં કાયદાની જરૂરિયાત, મફત કાનૂની સહાય અને મહિલાઓના અધિકાર, સ્ત્રી ભ્રૂણ હત્યા, આત્મહત્યા તથા કાયદાનો ઉપયોગ કેવી રીતે અને કઈ જગ્યાએ કરવો તે અંગે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

કાર્યક્રમનું આયોજન સંસ્થાના ડિરેક્ટર ડૉ. જય પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

# ઍસ કે પટેલ અંગ્રેજી સ્કૂલમાં 'નૅશનલ લીડર ડે' ઉજવાયો



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ઍસ કે પટેલ કે જી ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં આગામી સ્વતંત્રતા દિવસ અંતર્ગત 'નૅશનલ લીડર ડે' અને 'વ્હાઈટ ડે'ની ઉજવણી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ મહાત્મા ગાંધીજી, ભારત માતા, સુભાષચંદ્રબ બોઝ, શહીદ ભગતસિંહ, જવાહરલાલ નહેરુ, રાણી લક્ષ્મીબાઈ, લાલબહાદુર શાસ્ત્રી, સરોજિની નાયડુ, ડૉ. બાબાસાહેબ આંબેડકરની વેશભૂષા ધરીને દેશભક્તિભર્યા વાતાવરણનું સર્જન કર્યું હતું. શિક્ષકોએ વિદ્યાર્થીઓને સ્વતંત્રતા દિવસ અને સ્વતંત્રતાના સેનાનીઓ વિશે વિગતે માહિતી પૂરી પાડી હતી. શાળા પરિવારે સફેદ વસ્ત્રોમાં સજ્જ થઈ માહોલને વધુ ભાવમય બનાવ્યો હતો.

# જીએનએલયુ ખાતે સોશિયલ સર્ફિંગ વિષયે વર્કશૉપનું આયોજન કરાયું



ગુજરાત નૅશનલ લૉ યુનિવર્સિટી ખાતે સોશિયલ સર્ફિંગ અંગે એક વર્કશૉપનું આયોજન બુધવારે કરવામાં આવ્યું હતું. ફેસબૂક દ્વારા પોતાની સોશિયલ સર્ફિંગ મૂવમૅન્ટના ભાગરૂપે આ વર્કશૉપ માટે સહાય પૂરી પાડવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે આ મૂવમૅન્ટ ૨૦૧૫થી શરૂ થઈ છે અને હાલ ત્રીજા તબક્કામાં ચાલી રહી છે, જે ૧૫૦ જેટલા દેશોમાં પહોંચી ચૂકી છે. આ વર્કશૉપનો હેતુ ઑનલાઈન સેફટી મિકેનીઝમ અંગે ચર્ચા કરવાનો હતો. સ્પીકર તરીકે સૅન્ટર ફૉર સોશિયલ રિસર્ચના મીડિયા અને કમ્યુનિકેશન હેડ અમિતાભ કુમાર ઉપસ્થિત રહ્યા હતા.

# સ્વામી યોગાનંદ શિશુ વિદ્યાલય ખાતે રક્ષાબંધનની ભવ્ય ઉજવણી કરાઈ

## વિદ્યાર્થીઓ માટે રાખડી સ્પર્ધા યોજવામાં આવી

ગાંધીનગર, તા. ૧૧

શ્રી સ્વામી યોગાનંદ શિશુ વિદ્યાલય, જીઈબી કૉલોની ખાતે રક્ષાબંધન પર્વની ઉજવણી ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવી હતી. વિદ્યાર્થીનીઓએ જાતે બનાવેલી રાખડી વિદ્યાર્થીઓને બાંધી હતી અને ભાઈઓએ બહેનોને સ્નેહભેટ પણ આપી હતી.

આ પ્રસંગે આયોજિત રાખડી સ્પર્ધાને અંતે વિજેતા વિદ્યાર્થીઓનાં નામ જાહેર કરવામાં આવ્યાં હતાં. ધોરણ-૧માં સ્નેહા પરમાર, ઉષા ઠાકોર, શ્વેતા પરમાર, ધોરણ-૨માં હિસલ સિંધા, તમન્ના નાયી, ફિઝા, ધોરણ-૩માં કુશાંગી પરમાર, શિલ્પા સિંધા, જાહ્નવી સિંધા, ધોરણ-૪માં હિરલ ડાભી, ભૂમિકા ડાભી, સાઈમા પિંજારા, ધોરણ-૫માં રીયા પિંજારા, હિરલ ડાભી, મોહિલ ચૌધરી, ધોરણ-૬માં ચાહત પરમાર, રૂદ્ર ચૌધરી, તમન્ના શેખ, ધોરણ-૭માં છાયા ડાભી, દિક્ષિતા રાઠોડ, ગુણવંત ચાવડા અને ધોરણ-૮માં કિંજલ વાઘેલા, લક્ષ્મી આદિદ્રવિડા અને નિકુંજ પરમારને અનુક્રમે વિજેતા જાહેર કરવામાં આવ્યાં હતાં.

રાખડી સ્પર્ધાનું આયોજન કિંજલબેન વાઘેલા અને મિત્તલબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. નિર્ણાયક તરીકે હંસાબેન, ચંદ્રિકાબેન, શ્વેતાબેન, કલ્પનાબેન અને ધારિણીબેન દ્વારા સેવાઓ આપવામાં આવી હતી.

આચાર્ય જયંતીભાઈ પટેલે વિજેતા વિદ્યાર્થીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

# કચ્છ મિત્ર મંડળ દ્વારા સરસ્વતી સન્માન કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧૧

કચ્છ મિત્ર મંડળ, ગાંધીનગર દ્વારા પ્રતિ વર્ષની જેમ આ વર્ષે ડિસેમ્બર માસના ત્રીજા રવિવારે સરસ્વતી સન્માન અને સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ માટે વિદ્યાર્થીઓને પોતાની માર્કશીટની નકલ આગામી તારીખ ૩૦ નવેમ્બર પહેલાં સ્થાનિક પ્રતિનિધિને પહોંચાડવા સંસ્થા દ્વારા જણાવવામાં આવ્યું છે. ઉપરાંત જે વિદ્યાર્થી કે વાલી સાંસ્કૃતિક કૃતિ રજૂ કરવા માગતા હોય તેમને પણ પોતાનાં નામ ૩૦ સપ્ટેમ્બર પહેલાં વર્ષાબેન મહેતા (મો. ૯૪૨૮૦૪૯૦૦૮), પ્રજ્ઞાબેન જોષી (ફોન નં. : ૨૩૨૧૦૧૭૫) અથવા રમાબેન પંચાલ (મો. ૯૭૨૩૦૧૦૬૦૧) પાસે નોંધાવી દેવા સંસ્થાની આ અંગેની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

આ ઉપરાંત વર્ષ દરમિયાન કોઈ સમાજજને, વિદ્યાર્થીએ રમતગમત, શિક્ષણ કે કોઈપણ ક્ષેત્રમાં ખાસ યોગદાન આપ્યું હોય કે સિદ્ધિ પ્રાપ્ત કરી હોય તો તેની વિગત પણ સમાજને પહોંચાડવા માટે વિનંતી કરવામાં આવી છે. આ અંગેની વધુ વિગતો માટે મો. નં. ૯૪૨૭૮ ૦૧૪૦૩ અથવા ૯૮૨૫૦ ૨૯૩૪૦ના માધ્યમથી સંસ્થાનો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.



શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન, શ્રી સ્વામિનારાયણ મંદિર મણિનગર ખાતે સંતવૃંદ દ્વારા કાજુ કતરીના કલાત્મક હિંડોળાનાં દર્શન ધર્મપ્રેમી જનતા માટે ખુલ્લા મૂકવામાં આવ્યાં હતાં.

# ગજાનન સેવા સમિતિ દ્વારા શામળાજી વિસ્તારમાં સેવાકાર્ય




શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શામળાજી વિસ્તારના ગોઢ મુકામે ૪ ગામોનાં ૭૨ વૃદ્ધોને ૩ કિગ્રા ચોખા, પેરાસીટામોલની સ્ટ્રીપ, બિસ્કીટના પૅકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સદ્રેશ્વર મહાદેવ મુકામે પાંચ ગામોનાં ૪૮ નિરાધાર વૃદ્ધોને ૩ કિગ્રા ચોખા પણ આપ્યા હતા. સંસ્થા તરફથી ઊર્મિલાબેન, માધવ માવલંકર, યોગેશભાઈ, મિલિન્દભાઈ તથા ભીમજીભાઈ આ સેવાકાર્યોમાં જોડાયાં હતાં.

# સાયન્સમાં નાપાસ વિદ્યાર્થીઓને પાસ થવાની ત્રણ તક મળશે

ગાંધીનગર, તા. ૧૧

સાયન્સ ચોથા સેમેસ્ટરમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ માટે તાજેતરમાં પુરક પરીક્ષા યોજવામાં આવી હતી. જેમાં માંડ ૭ ટકા વિદ્યાર્થીઓ જ પાસ થવામાં સફળ રહ્યા હતા.

જોકે, નાપાસ થયેલા વિદ્યાર્થીઓ આગામી પરીક્ષાને લઈ મૂંઝવણમાં હતા. પરંતુ સેમેસ્ટર સિસ્ટમ રદ થયા બાદ અને અભ્યાસક્રમમાં ફેરફાર બાદ વિદ્યાર્થીઓને જૂના અભ્યાસક્રમમાં પાસ થવાની ત્રણ તક આપવી પડે તેમ હોઈ માર્ચ-૨૦૧૮માં સાયન્સની પરીક્ષામાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ માટે જૂના અભ્યાસક્રમ પ્રમાણે પરીક્ષા લેવામાં આવશે. આમ, નાપાસ થયેલા વિદ્યાર્થીઓને પાસ થવા માટે કુલ ત્રણ તક આપ્યા બાદ પણ જો કોઈ વિદ્યાર્થી પરીક્ષા પાસ નહીં કરી શકે તો ત્યારબાદ તેને નવા અભ્યાસક્રમ મુજબ પરીક્ષા આપવી પડશે એવા સમાચાર પ્રાપ્ત થયા છે.

રાજ્ય સરકાર દ્વારા જૂન-૨૦૧૬થી શરૂ થતાં શૈક્ષણિક વર્ષથી ધોરણ-૯થી ૧૨માં સેમેસ્ટર સિસ્ટમ રદ કરવાનો નિર્ણય લીધો હતો. જેના પગલે ધોરણ-૧૧ અને ધોરણ-૧૨ સાયન્સમાં પણ સેમેસ્ટર સિસ્ટમ રદ કરવામાં આવી હતી. જોકે, જે વિદ્યાર્થીઓ ધોરણ-૧૨માં આવી ગયા હતા તેમના માટે સેમેસ્ટર સિસ્ટમ ચાલુ રાખવા રજૂઆત બાદ એક વર્ષ પુરતુ સરકારે ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓ માટે સેમેસ્ટર સિસ્ટમ ચાલુ રાખી હતી. જેથી ચાલુ વર્ષથી એટલે કે જૂન-૨૦૧૭થી શરૂ થયેલા શૈક્ષણિક વર્ષથી ધોરણ-૧૨માં પણ સેમેસ્ટર સિસ્ટમ રદ થઈ ગઈ છે.



## ડેઈલી કરંટ

દર્શન મારૂ
95862 87447

(૧) ૨૦૧૭માં વિશ્વના કયા દેશમાં બે મહિલા ઉપરાષ્ટ્રપતિ તરીકે નિયુક્ત કરવામાં આવી છે?
(એ) ઈરાન
(બી) ઈરાક
(૩) સિરીયા
(૪) લિબિયા

(૨) ૨૦૧૭માં ગુજરાતમાં રાજ્યસભાની કેટલી બેઠકો માટે ચૂંટણી યોજાઈ હતી?
(એ) ૧
(બી) ૨
(૩) ૩
(૪) ૪

(૩) ભારતમાં નીતિ આયોગના નવા ઉપાધ્યક્ષ પદે કોની નિયુક્તિ કરવામાં આવી છે?
(એ) રાજીવ ગુપ્તા
(બી) રાજીવ કુમાર
(૩) રાજીવ માથુર
(૪) રાજીવ મહર્ષિ

(૪) ગુજરાતમાં તાજેતરમાં યોજાયેલી રાજ્યસભાની ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવાર અહેમદ પટેલ કેટલા વોટથી જીત્યા હતા?
(એ) ૪૧
(બી) ૪૨
(૩) ૪૩
(૪) ૪૪

(૫) તાજેતરમાં ચીનના સિચુઆન પ્રાંતમાં કેટલા રિક્ટર સ્કેલની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો?
(એ) ૭.૦
(બી) ૭.૧
(૩) ૭.૩
(૪) ૭.૪

(૬) ૨૦૧૭માં ભારત છોડો આંદોલનને કેટલાં વર્ષ પૂર્ણ થયાં?
(એ) ૭૪
(બી) ૭૫
(૩) ૭૬
(૪) ૭૭

(૭) તાજેતરમાં બોલીવૂડના કયા દિગ્ગજ અભિનેતાનું નિધન થયું છે?
(એ) સીતારામ યેચુરી
(બી) સીતારામ ભગત
(૩) સીતારામ પંચાલ
(૪) સીતારામ પ્રસાદ

(૮) ભારતના નવા મુખ્ય ન્યાયમૂર્તિ પદે કોની નિયુક્તિ કરવામાં આવી છે?
(એ) જસ્ટિસ દિપક કપૂર
(બી) જસ્ટિસ દિપક વર્મા
(૩) જસ્ટિસ દિપક લિસુલી
(૪) જસ્ટિસ દિપક મિશ્રા

(૯) નવનિયુક્ત જસ્ટિસ દિપક મિશ્રા સુપ્રિમ કોર્ટના કેટલામા જજ બનશે?
(એ) ૪૨
(બી) ૪૩
(૩) ૪૫
(૪) ૪૪

(૧૦) તાજેતરમાં કયા પૂર્વ કેન્દ્રીય મંત્રીનું નિધન થયું છે?
(એ) સાવરલાલ પ્રસાદ
(બી) સાવરલાલ જાટ
(૩) સાવરપ્રસાદ મિશ્રા
(૪) સાવરપ્રસાદ કટારિયા

**જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.**

**- સંપાદક**